


# મોદી જેવા સમર્થ નેતાની દેશને જરૂર છે : અમિત શાહ

**વલસાડ અને છોટાઉદેપુરમાં અમિત શાહ દ્વારા આક્રમક પ્રચાર : ટુકડે ટુકડે ગેંગને પ્રોત્સાહન આપવા રાહુલ ગાંધી જેએનયુ ખાતે પહોંચી ગયા હતા જેથી દેશ વિરોધી તત્વનું મનોબળ વધી ગયું હતું : અમિત શાહના પ્રહાર**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. અમિત શાહે વલસાડ લોકસભાના ધરમપુર તાલુકામાં આવતા માલનપાડા અને છોટાઉદેપુર લોકસભામાં બોડેલી ખાતે જંગી જાહેરસભાને સંબોધન કરીને કોંગ્રેસ પાર્ટી અને વિરોધીઓ ઉપર પ્રહાર કર્યા હતા. અમિત શાહે સંબોધનમાં કહ્યું હતું કે, આજની પરિસ્થિતિમાં દેશની સુરક્ષા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા સક્ષમ અને નિર્ણાયક તથા સાહસી લીડરની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ટુકડે ટુકડે ગેંગને પ્રોત્સાહન આપી રહેલા લોકોને ખુલ્લા પાડી દેવાનો સમય છે. ભારત તેરે ટુકડે ટુકડે હોંગે જેવા નારા લાગ્યા ત્યારે રાહુલ ગાંધી ત્યાં પહોંચી ગયા હતા અને આવા નિવેદનોને વાણી સ્વતંત્રતા ગણાવીને દેશ વિરોધી તત્વોનું મનોબળ ધાર્યું હતું. કોંગ્રેસના શાસનમાં મોદીને રોકવા કાવાદાવા થતાં રહ્યા છે. આજરોજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે છોટાઉદેપુર લોકસભામાં બોડેલી ખાતે આયોજિત જંગી જાહેર સભાને સંબોધન કર્યું હતું. અમિત શાહે જણાવ્યું હતું કે, લાંબા સમય બાદ તેઓને આજે માં મહાકાળીના ધામમાં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે અને આપ સૌના આશીર્વાદ મેળવવાનો અવસર મળ્યો છે. તેથી જ માં મહાકાળીના ચરણોમાં પ્રણામ કરીને હું મારી વાતની શરૂઆત કરવા માગું છું. છોટાઉદેપુરની ધરતી લહેવાટ ગામના પરાક્રમી જવાન અને શૌર્યચક્રથી સન્માનિત નિલેશ રાઠવા જેવા નિડર અને સાહસી વીર રાઠવા સમાજની ભૂમિ છે. શાહે જણાવ્યું હતું કે, આગામી ૨૩ એપ્રિલે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી છે ત્યારે ગુજરાતની જનતા તમામ ૨૬ બેઠકો પર જંગી મતદાન કરી પ્રચંડ બહુમતી સાથે ભાજપના ઉમેદવારોને વિજયી બનાવે તેવી વિનંતી કરવા છોટાઉદેપુરની પવિત્ર ધરતી પર આવ્યો છું. છેલ્લા ચાર મહિનાથી હું સમગ્ર દેશની ચારેય દિશામાં વિવિધ લોકસભા ક્ષેત્રમાં પ્રવાસ કરી રહ્યો છું અને આજે ૨૪૬માં લોકસભાક્ષેત્ર




છોટાઉદેપુરમાં આવ્યો છું. સમગ્ર દેશમાં ફક્ત એક જ વાત સંભળાઈ રહી છે, મોદી... મોદી.... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે અસરકારક કાર્યપદ્ધતિથી છેલ્લા પાંચ વર્ષમાં જે જનહિતના કાર્યો કર્યા છે, ત્યારે સમગ્ર દેશની જનતાએ ૨૦૧૯માં પણ નરેન્દ્ર મોદીને ફરી એકવાર દેશના પ્રધાનમંત્રી બનાવવાનો નિર્ણય કરી લીધો છે. નરેન્દ્ર મોદી આપણા છે અને આપણું ગુજરાત નરેન્દ્રભાઈનું છે એટલે ગુજરાતની તો ૨૬ બેઠકો જીતાડવાની એક વિશેષ ફરજ છે. આજે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સમગ્ર દેશમાં ફરી રહ્યા છે અને કહી રહ્યા છે કે અમે ગરીબી હટાવીશું અમે ગરીબી હટાવીશું. પાંચ-પાંચ પેઢી અને ૫૫ વર્ષ સુધી દેશમાં એક જ પરિવારે રાજ કર્યું અને ગરીબો માટે કંઈ જ ન કર્યું તેવા લોકો હવે ગરીબો માટે શું કરશે ? કોંગ્રેસે ગરીબ-પીડિત-શોષિત ખેડૂતોના ખોબે ને ખોબે મત લઈને વર્ષો સુધી સરકારો બનાવી પણ તેમના ઉત્થાન માટે વિકાસનું કોઈ કાર્ય નથી કર્યું. બીજી તરફ છેલ્લા પાંચ વર્ષમાં નરેન્દ્ર મોદીની સરકાર સંપૂર્ણ રીતે દેશના ગરીબ વર્ગને સમર્પિત રહી છે. જે કાર્યો છેલ્લા સિત્તેર વર્ષમાં નથી થયા તેવા કાર્યો આ પાંચ વર્ષમાં નરેન્દ્ર મોદીએ કરી બતાવ્યા છે. સાત કરોડ કરતાં વધુ ગરીબ માતાઓ-બહેનોના ઘરમાં મફત ગેસ કનેક્શન, આઠ કરોડથી વધુ શૌચાલયનું નિર્માણ કરી માતા-બહેનોનું સન્માન, અઢી કરોડ લોકોને મકાન, બે કરોડ પાંત્રીસ લાખ લોકોને વીજળીનું કનેક્શન અને દેશના ૫૦ કરોડ નાગરિકોને આવરી લેતી વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના એવી ''આયુષ્માન ભારત'' યોજના હેઠળ પાંચ લાખ સુધીનો ખર્ચ સરકાર ભોગવશે સહિતની અનેકવિધ યોજનાઓને અમલમાં મૂકીને નરેન્દ્ર મોદીએ દેશના જરૂરિયાતમંદ વર્ગની ચિંતા કરી છે. આયુષ્માન ભારત યોજના હેઠળ ૨૩ લાખ ગરીબોના ઓપરેશન વિનામૂલ્યે સફળ રીતે થઈ ચૂક્યા છે. જ્યારે-જ્યારે કોંગ્રેસની સરકાર દેશમાં રહી ત્યારે-ત્યારે કોંગ્રેસે ગુજરાતને સતત અન્યાય જ કર્યો છે. જવાહરલાલ નહેરુએ સરદાર સાહેબનો વિરોધ કર્યો, ઈન્દિરા ગાંધીએ મોરારજી દેસાઈનો વિરોધ કર્યો અને આજે સોનિયાબેન અને રાહુલબાબા આપણા નરેન્દ્રભાઈને રોકવા કાવાદાવા કરી રહ્યા છે.

# ન્યાય અર્થવ્યવસ્થામાં નવા પ્રાણ ફૂંકશે : રાહુલ

**બારડોલીની પ્રચારસભામાં રાહુલના તીવ્ર પ્રહારો : નોટબંધી અને જીએસટીના લીધે ખુબ કફોડી હાલત થયા બાદ ન્યાય યોજના દ્વારા રોજગારીની તકો સર્જાશે : રાહુલ**

અમદાવાદ,તા. ૧૯

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર જારી રાખ્યો હતો. આજે રાહુલે ફરી એકવાર ન્યાય યોજનાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, લઘુત્તમ આવક યોજના અથવા તો ન્યાય યોજનાથી અર્થવ્યવસ્થામાં નવા પ્રાણ ફૂંકવામાં આવશે. તેમણે ઉમેર્યું તું કે, આનાથી દેશમાં રોજગારીની તકો ઉભી થશે. નોટબંધી અને જીએસટીના કારણે લોકોની હાલત કફોડી થઇ છે. રાફેલના મુદ્દાને ઉઠાવતા કહ્યું હતું કે, રાફેલ વિમાન સોદાબાજીમાં અનિલ અંબાણીને



૩૦૦૦૦ કરોડ રૂપિયા આપી દીધા છે. અમે સૌથી ગરીબ લોકોને વાર્ષિક ૭૨૦૦૦ રૂપિયા આપીશું જે ગરીબોની સ્થિતિમાં સુધારો કરશે. લોકસભા ચૂંટણીના મતદાન આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ બારડોલીમાં મોદી સરકાર પર આજે ફરી એકવાર સીધા અને આકરા પ્રહારો કર્યાં હતાં. રાહુલ ગાંધીએ મોદીને આડેહાથ લેતા કહ્યું હતું કે, ચોકીદાર ચોર તો છે જ પણ હવે અંબાણીના ઘરે જોવા મળે છે. ગરીબોના કે ખેડૂતોના ઘરે ક્યારે દેખાતા નથી. મોદીની યોજનાઓ અને વાયદાઓ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, મોટા મોટા વાયદાઓ આપી દીધા જેમાંથી કશું જ મળ્યું નથી.

પરંતુ અમારી કોંગ્રેસની સરકાર આવશે તો તમને કરેલા એક-એક વાયદાઓ પૂરા કરીશું અને પાળી બતાવીશું. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું કે, દેશની જનતાના ખાતામાં છેલ્લા પાંચ વર્ષમાં એક રૂપિયો પણ આવ્યો નથી. અગાઉ ૧૫ લાખ રૂપિયા લોકોના ખાતામાં આપવાની વાતો કરી હતી.

# લોકસભા ચૂંટણી : બીજા તબક્કામાં ૬૮ ટકા મતદાન

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ગુરૂવારના દિવસે આશરે ૬૮ ટકા મતદાન થયુ હતુ. ૧૧મી એપ્રિલના પ્રથમ તબક્કામાં ૭૦ ટકા મતદાન થયુ હતુ. અલબત્ત બીજા તબક્કામાં વર્ષ ૨૦૧૪ કરતા આશરે બે ટકા ઓછુ મતદાન થયુ હતુ. લોકસભા ચૂંટણીમાં કુલ સાત તબક્કામાં મતદાન થનાર છે. રાજકારણીઓ અને જાણકાર લોકો માની રહ્યા છે કે બાકીના પાંચ તબક્કામાં બંપર વોટિંગ થઇ શકે છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભારતીય ઇતિહાસમાં સૌથી વધારે ૬૬.૩૯ ટકા મતદાન થયુ હતુ. આ વખતે મતદાનની ટકાવારી ૬૫-૭૦ સુધી પહોંચી શકે છે. મતદારોમાં જાગૃતિ જગાવવા માટે ઝુંબેશ ચલાવી હોવા છતાં હજુ સુધી ઓછી મતદાન થઇ રહ્યુ છે. ૧૭મી લોકસભાની ચૂંટણીના ભાગરૂપે ગઇકાલે ૧૧ રાજ્યો અને કેન્દ્રિત શાસિત પ્રદેશને આવરી લેતી લોકસભાની ૯૫ સીટ ઉપર શાંતિપૂર્ણરીતે ૬૮ ટકાથી વધુ મતદાન થયું હતું. બીજા તબક્કામાં ૬૮ ટકાથી વધુ મતદાન થતાં ભાજપ અને કોંગ્રેસ સહિતના પક્ષોએ પોતપોતાની જીતના દાવા કર્યા હતા. ગઇકાલે ૧૫.૮૦ કરોડ મતદારો પૈકી ૬૮ ટકા મતદારો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. મતદાનની સાથે જ ૧૬૩૫ ઉમેદવારોના ભાવિ ઇવીએમમાં સીલ થઇ ગયા હતા. ચૂંટણી પંચે માહિતી આપતા સાંજે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ૬૨, કર્ણાટકમાં ૬૮.૧, બિહારમાં ૬૨થી વધારે મતદાન થયું હતું. આવી જ રીતે મહારાષ્ટ્રમાં ૬૧.૮ ટકાથી વધારે મતદાન નોંધાયું હતું. તમિળનાડુમાં થેની લોકસભા મતવિસ્તારમાં ૭૧.૧ ટકાથી વધારે મતદાન થયું હતું. આવી જ રીતે કર્ણાટકમાં૬૧.૮૦ ટકાથી વધારે મતદાન થયું હતું. જમ્મુ કાશ્મીરમાં ૪૫.૬ ટકા, બંગાળમાં ૭૬.૪ ટકાથી વધારે મતદાન થયું હતું.

## પાલનપુર તાલુકા કોંગ્રેસનો પૂર્વ મહામંત્રી નકલી અધિકારીના સ્વાંગમાં તોડ કરતાં ઝડપાયો

પાલનપુર તાલુકા કોંગ્રેસનો પૂર્વ મહામંત્રી શુક્રવારે નકલી અધિકારીના સ્વાંગમાં વેપારીઓ પાસેથી નાણાં ઉઘરાવતો ઝડપાઇ ગયો હતો. જેને પોલીસને સોંપવામાં આવ્યો હતો.



પાલનપુરમાં ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે, પાલનપુર તાલુકા કોંગ્રેસમાં પૂર્વ મહામંત્રી તરીકે હોદ્દો ધરાવતો મુળ પાલનપુર તાલુકાના સદરપુર ગામનો મુકેશ એસ. બારોટ પાલનપુરની કરીયાણાની દુકાનો, પાર્લર, સ્ત્રી શ્રૃંગારની ચિજવસ્તુઓની દુકાનમાં જઇ પોતે ગ્રાહક સુરક્ષા વિભાગમાંથી આવે છે. તેમ કહી વેપારીઓને ડરાવી- ધમકાવી નાણાં પડાવતો હતો. જ્યાં શુક્રવારે શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં એક વેપારીને ત્યાં આવી રીતે નાણાં પડાવવા જતાં આ વેપારીએ અન્ય વેપારીઓને બોલાવી ખરાઇ કરતાં તે નકલી અધિકારી હોવાનું જાણવા મળ્યું હતુ. અને અત્યાર સુધીમાં અન્ય વેપારીઓ સાથે પણ છેતરપીંડી કરી લાખો રૂપિયાનો તોડ કર્યો હોવાનું બહાર આવ્યું હતુ. દરમિયાન વેપારીઓએ આ નકલી અધિકારીને પૂર્વ પોલીસને સોંપ્યો હતો.

**કંપની સમાચાર**

## નીયોજેન કેમિકલ્સ લિમિટેડ : આઈપીઓ ૨૪મીએ ખુલશે

અમદાવાદ, તા. ૧૯

ભારતમાં બ્રોમાઈન આધારિત અને લિથિયમ આધારિત સ્પેશિયાલિટી કેમિકલ્સની અગ્રણી ઉત્પાદકોમાંની એક નીયોજેન કેમિકલ્સ લિમિટેડ (કંપની)એ ૨૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. એન્કર ઈન્વેસ્ટર બિડ / ઓફરનો ગાળો બિડ / ઓફર ખુલવામાં એક (૧) ચાલુ અગાઉ એટલે કે ૨૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીમાં રૂા. ૭૦૦, ૦૦ મિલિયમના ફ્રેશ ઈશ્યૂ (ફ્રેશ ઈશ્યુ) તથા હરિદાસ ઠાકરશી કાનાણી (પ્રમોટર સેલિંગ શૅર હોલ્ડર) નાં ૧, ૬૯૯, ૬૦૦ ઈક્વિટી શૅર અને બીના હરિદાસ કાનાણીનાં ૧, ૨૦૦, ૪૦૦ ઈક્વિટી શૅર સુધીનાં શેરનાં વેચાણની ઓફર (પ્રમોટર ગ્રૂપ સેલિંગ શૅર હોલ્ડર' અને પ્રમોટર સેલિંગ શૅર હોલ્ડર સાથે સંયુક્તપણે 'સેલિંગ શૅરહોલ્ડર્સ' તરીખે ઓળખાય છે) સામેલ છે. બિડ / ઓફર ૨૬ એપ્રિલ, ૨૦૧૯નાં રોજ બંધ થશે. બિડ લઘુત્તમ ૬૫ ઈક્વિટી શેરનાં લોટમાં અને પછી ૬૫ એક્વિટી શેરમાં ગુણાંકમાં થઈ શકશે. ઈક્વિટી શેર બીએસઈ અને એનએસઈ (સ્ટોક એક્સચેન્જીસ) પર લિસ્ટેડ થશે. ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનાર ફંડનો ઉપયોગ આ માટે થશે : (૧) કંપનીનાં ઋણની સંપૂર્ણ કે ચોક્કસ ભાગની આગોતરી કે પુનઃ ચુકવણી કરવા માટે, (૨) ૯.૮ ટકા એફઆરસીપીએસનાં વહેલાસર રિડેમ્પસન માટે, (૩) લાંબા ગાળાની કાર્યકારી મૂડી માટે અને (૪) સાધારણ કોર્પોરેટર કામગીરી માટે.

ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર (બીઆરએલએમ) ઈન્ગા એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ અને કો - બુક રનિંગ લીડ મેનેજર (સીબીઆરએલએમ) બાટલીવાલા એન્ડ કારાણી સીક્યોરિટી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ છે.

## બે રૂપિયા કે પોટલી જોઈતી હોય તો લઈ લેજો પણ વોટ તો કોંગ્રેસને જ આપજો

**ધાનેરાના ધારાસભ્યએ લોકોની કિંમત બે રૂપિયા અને પોટલી ગણી**

ધાનેરા ના ધારાસભ્ય નાથાભાઈ પટેલે ધાખા ગામની કોંગ્રેસ ની સભામાં બફાટ કરતા જણાવ્યું હતું કે બે રૂપિયા કે પોટલી જોઈતી હોય તો લઈ લેજો પણ વોટ તો કોંગ્રેસ ને જ આપજો ત્યારે લોકોની કિંમત માત્ર બે રૂપિયા અને પોટલી ની ગણતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

બનાસકાંઠા જિલ્લા ના કોંગ્રેસ ના ઉમેદવાર પરથીભાઈ ભટોળ આજે ધાનેરા વિસ્તાર માં સભા રાખી હતી જેમાં પહેલી સભા ધાનેરા ધારાસભ્ય નાથાભાઈ પટેલ ના ગામ ધાખા માં રાખી હતી ત્યારે આ સભા માં ધાનેરા ના ધારાસભ્ય નથાભાઈ પટેલે બફાટ કરતા જણાવ્યું હતું કે બે રૂપિયા કે પોટલી જોઈતી હોય તો લઈ લેજો પણ વોટ તો કોંગ્રેસ ને જ આપજો। .....ધાનેરા ના ધારાસભાએ લોકોના વોટ ની કિંમત માત્ર બે રૂપિયા અને પોટલી જ ગણતા લોકો માં ભારે નારાજગી જોવા મળી હતી તો વધુ માં ધરભય એ બફાટ કરતા જણાવ્યું હતું કે જે આપણે છેતરે તેને છેતરવો જોઈએ આતો રાજકારણ છે હવે તમે પણ સાંભળો આ ધારાસભ્યનો બફાટ.

### થપ્પડ મામલે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાર્દિક પટેલને લાફો મારનાર યુવક તરૂણ ગજ્જર હોવાનું જાણવા મળ્યું છે. તે કડીના જેસલપુર ગામનો રહેવાસી છે અને ભાજપના શક્તિ કેન્દ્રનો ઈન્ચાર્જ હોવાનું જાણવા મળે છે. હાર્દિક પટેલે ઘટના માટે ભાજપ પર ગંભીર આરોપ લગાવતાં જણાવ્યું કે, ભાજપ મને મારી નાખવા માંગે છે અને મારા પર હુમલા કરાવે છે. મને પ્રચાર કરતો રોકવા આ ભાજપનું ષડયંત્ર છે. હાર્દિકે ભાજપ હાર ભાળી ગયુ છે, તેથી હતાશામાં હવે ગમે તેવા નિંદનીય અને લોકશાહી પ્રણાલિ વિરૂધ્ધના કૃત્યો કરી રહ્યું છે. આજે હુમલો કરનાર શખ્સ ભાજપનો માણસ છે અને સમગ્ર કાવતરું પૂર્વઆયોજિત હતું. હાર્દિકે સરકારની સીકયોરીટી સ્વીકારવાનો પણ ઈન્કાર કર્યો હતો અને જણાવ્યું હતું કે, ભાજપ સરકાર સીકયોરીટી નહી જાસૂસ મોકલે છે.

### હેરાન થયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનામત માટે મોટું આંદોલન કર્યું હતું, ત્યારે મારી પત્ની પ્રેગ્નેટ હતી. હાર્દિકના આંદોલનના કારણે મારી ગર્ભવતી પત્ની સાથે હું ઘણી વખત હેરાન થયો છું. મારી પત્નીની દવા ચાલતી હતી, એક બાજુ હાર્દિકના આંદોલનના કારણે મારી પત્નીને મિસ કેરેજ થતું થતું રહી ગયું હતું. આટલું જ નહીં, મારી પત્નીએ બાળકને જન્મ આપી દીધા બાદ મારો બાબો બિમાર હતો. તેને દવાખાના લઈ જવાનો હતો. પરંતુ હાર્દિકના અવાર નવારના આંદોલનના કારણે અમે ખુબ હેરાન થતા હતા. હાર્દિકના આંદોલનના કારણે અનેક વખત સામાન્ય લોકોને તકલીફ પડી છે, તેણે અનેક વખત ગુજરાત બંધના એલાનના પગલે લોકોને મુશ્કેલીમાં મૂકયા હતા. હાર્દિકે તેના સમાજના ૧૪ છોકરાઓને આંદોલનમાં સાથે રાખી તેમને શહીદ કરાવ્યા, ત્યારબાદ તેને ૧૪ છોકરાઓ પર રાજનીતિ રમી હતી.

### જોર હળવું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાન ૩૪ થી ૩૬ ડિગ્રી વચ્ચે છે. આજે પણ ગઈકાલની જેમ મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી રહ્યુ હતુ. હવામાન નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં ગરમીનો પારો ઉંચે ચઢશે.પરંતુ હાલ ગરમીમાં રાહત અનુભવતા શહેરીજનોએ હાંશકારો અનુભવ્યો છે. લઘુત્તમ તાપમાન પણ ૨૩.૪ ડિગ્રી રહ્યુ હતુ જેના લીધે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ ઓછો જોવા મળી રહ્યો છે. જો કે દિવસે બપોર દરમિયાન આકરા તાપ વચ્ચે નગરજનો બફારાનો અહેસાસ કરી રહ્યા છે.






પાલનપુરમાં જાહેર સભા સંબોધ્યા બાદ મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ પાલનપુરમાં પાટીદાર સમાજના આગેવાનો સાથે ખાનગી યુનિટમાં બેઠક કરી હતી અને સમાજના કમીટેડ વોટ ઉપરાંત જે બીજે જાય છે તે પણ અહીં વોટ કરે તેવી અપીલ કરી હતી. જોકે રૂપાણીની આ બેઠકથી મીડિયાને દૂર રખાયું હતું. ઉલ્લેખનીય છે કે ગઢમાં અનામત આંદોલન સમયે પોલીસ દ્વારા ફાયરિંગ કરાયું હતું ત્યાર બાદની સ્થિતિને લઈ પાટીદાર યુવાનો વિરુદ્ધ કેસો કરાયા હતા જેને લઈ સમાજના યુવાનોમાં હજુ નારાજગી છે તેવામાં આ બેઠક સૂચક બની હતી.

# રાહુલ કરતા પ્રિયંકાની હવે કોંગી ઉમેદવારોની માંગણી

**પ્રિયંકા ગાંધી વાઢેરા દ્વારા રાજ્યમાં અનેક રોડ શો કરવામાં આવે તેવી માંગ : પ્રિયંકા વધુ ટક્કર આપી શકે તેવો મત**

લોકસભા ચૂંટણી કાર્યક્રમને લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ખુબ વ્યસ્ત કાર્યક્રમ ધરાવે છે. જો કે પ્રિયંકા ગાંધી વાઢેરા પણ રાહુલથી ઓછા વ્યસ્ત નથી. પૂર્વીય ઉત્તરપ્રદેશના પ્રભારી બન્યા બાદ પ્રિયંકા વધારે સક્રિય થઈ ગયા છે. તેમના જુદા જુદા કાર્યક્રમ દરરોજ થઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીમાં રાહુલ ગાંધી બાદ પ્રિયંકા વાઢેરા સૌથી વધારે સક્રિય દેખાઈ રહ્યા છે. સાથે સાથે સૌથી વધારે પ્રચાર પણ કરી રહ્યા છે. સક્રિય રાજકારણમાં ઉતર્યાને વધારે સમય થયો નથી ત્યારે કોંગ્રેસના દરેક ઉમેદવારની ઈચ્છા છે કે તેમના મતવિસ્તારમાં પ્રિયંકા વાઢેરા દ્વારા કાર્યક્રમ કરવામાં આવે. પ્રિયંકા ચૂંટણી પ્રચાર અથવા તો રોડ શો કરે તેવી માંગ કરવામાં આવી રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા વાઢેરા છેલ્લા કેટલાક સમયથી તોફાની પ્રચારમાં છે. ૨૭મી એપ્રિલ સુધી પ્રચાર કરનાર છે. તેમના રોડશોની માંગ થઈ રહી છે. રાહુલના બદલે પ્રિયંકા વાઢેરા પહોંચે તેવી માંગ કોંગ્રેસના ઉમેદવારો કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થયુ હતુ. ગઈકાલે ગુરૂવારના દિવસે બીજા તબક્કામાં મતદાન થયું હતું. હવે ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે.

### તોડી પડાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં હજુ પણ ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. મોટાભાગના મકાનો રહેણાંકને લાયક નથી. ત્યારે હજુ પણ જુના અને કંગાળ મકાનો તોડવા માટે આયોજન કરવામાં આવશે. સેકટરોમાં હાલ નવા મકાનો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. સે-૭ અને સે-૩૦ માં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હજુ પણ સે -૬ માં બી અને સી કક્ષાના નવા મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં સેકટરોમાં સર્વેના અંતે ખુલ્લી જગ્યા ઉપલબ્ધ થશે જેના અંતે નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરાશે. હાલ સે-૬ માં એકબાજુ મકાનો તોડવાની સાથે નવા મકાનો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે નગરના જુના સેકટરોમાં પણ તબક્કાવાર મકાનો તોડવામાં આવશે જેમાં સે -૨૦ માં જ-૧ ,છ અને ચ કક્ષાના મકાનો તોડવા માટે આયોજન કરાયુ છે.

સે-૨૦ માં જગ્યા ખુલ્લી કરવા માટે જ-૧ કક્ષાના ૨૪ યુનિટ , છ કક્ષાના ૯૦ યુનિટ અને ચ -૧ કક્ષાના ૨૯ મકાનો તોડવામાં આવશે. સે-૨૦ માં અંદાજિત ૧૫૦ જેટલા મકાનો તોડવા માટે પણ કામગીરી હાથ ધરાશે. આ મકાનો દાયકાઓના અંતે જોખમી અને કંગાળ બન્યા છે. જયારે હાલ આ પૈકી ઘણાં આવાસોમાં રહીશોનો વસવાટ છે. ત્યારે તંત્ર માટે મકાન ખાલી કરાવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે.

## પ્રતિબંધ પૂર્ણ થયા બાદ હવે યોગી ફરી પ્રચારમાં સક્રિય

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પર મુકવામાં આવેલો ૭૨ કલાકનો પ્રતિબંધનો ગાળો પૂર્ણ થઈ ચુક્યો છે. પ્રતિબંધ માટેની અવધિ પૂર્ણ થઈ ગયા બાદ ભાજપના સ્ટાર પ્રચારક ફરી એકવાર સક્રિય થઈ ગયા છે. પ્રચારમાં જોડાઈઈ ગયા છે. એમ માનવામાં આવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫મી એપ્રિલના દિવસના રોડ શો અને ૨૬મી એપ્રિલના દિવસે યોજાનાર નામાંકનને લઈને યોગી આશાવાદી દેખાયા હતા. આને લઈને યોગી તેમના નજીકના લોકો સાથે રણનિતી પર ચર્ચા કરી ચુક્યા છે. વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી ચુકી છે. વિવાદાસ્પદ નિવેદનના મામલે ૭૨ કલાક સુધી પ્રતિબંધનો સામનો કર્યા બાદ હવે યોગી આજથી ફરી પ્રચારમાં સામેલ થઈ ગયા છે.